Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

27

# ભારતીય સંસ્કૃતિનો પ્રસાર

**Dr. Jankiben Babulal Patel**

Asst.Professor, Department of Sanskrit, G.D. Modi College of Arts, Palanpur

અંગ્રેજી શબ્દ 'કલ્ચર' મૂળમાં 'કૃષિ'ના અર્થમાં પ્રયોજાયો છે. તે પરથી વિલ ડ્યુરાન્ટે 'કલ્ચર' એટલે માનવમનનું ખેડાણ (કલ્ટિવેશન ઑવ્ મૅન્સ માઇન્ડ) એવો અર્થ તારવ્યો છે. ભારતમાં 'કલ્ચર'ના પર્યાય રૂપે 'સંસ્કૃતિ' શબ્દ પ્રયોજવામાં આવે છે. નૃવંશવિદ્યાવિદો અને સંસ્કૃતિવિદ્યાવિદો તેનું તાત્પર્ય સમજાવતાં કહે છે કે સંસ્કૃતિ એ કોઈ ભૂતકાળની બાબત નથી. તેનો સંબંધ જિવાતા જીવન સાથે છે. તેના સર્જનની પાત્રતા કેવળ મનુષ્યમાં જ છે. જગતની અન્ય જીવસૃષ્ટિ સંસ્કૃતિ ખીલવી શકતી નથી, કેમ કે અન્ય જીવસૃષ્ટિ પ્રકૃતિજીવી છે, જ્યારે મનુષ્ય કેટલીક વિશેષતાઓને લઈને પ્રકૃતિજીવી ન રહેતાં સંસ્કૃતિજીવી બન્યો છે. સૃષ્ટિની જીવયોનિઓમાં પ્રાણી તરીકે મનુષ્ય અનેક પ્રકારની કેટલીક ચોખ્ખી વિશેષતાઓ ધરાવે છે. તેનાં શરીર, ભાષા, રહેણીકરણી, નિર્વાહ, આહાર, સામાજિક વૃત્તિ વગેરે અનેક બાબતો તેની એ વિશેષતા બતાવે છે. મનુષ્ય તેનો સમાજ રચે છે, તેને સારુ અમુક સુધારો એટલે કે જીવનનિર્વાહ કરવાને માટે અમુક શારીરિક–માનસિક શ્રમ, તે માટે આવશ્યક સાધનસામગ્રી, રાચરચીલું વગેરેથી માંડીને અમુક સંસ્થા કે પ્રથાઓ રચે છે. તેમાં એ સાહિત્ય, કલા અને ધર્મની છટા આણે છે. આ વસ્તુ મનુષ્ય પરત્વે જ બને છે, બીજા કોઈ અંગે નહિ.

મનુષ્યનું નિરાળાપણું મુખ્યત્વે તેના ચિત્તની શક્તિ અને હાથની કારીગરી શક્તિમાં રહેલું છે. માનવયોનિ શિક્ષણ લઈ શકે છે અને તેને સંઘરી શકે છે એ એની ખાસ વિશેષતા છે. યોગદર્શનની પરિભાષા પ્રયોજીને કહીએ તો માનવચિત્તમાં બે વૃત્તિઓ વિશેષ છે, જેને લઈને તે સંસ્કૃતિ જેવો અમર વારસો કમાઈ શકે છે. એક

વિકલ્પ- વૃત્તિ, જેને લઈને તે શબ્દશક્તિ દ્વારા ખેડાણ કરે છે; બીજી સ્મૃતિશક્તિ, જેને લઈને તે વર્તમાન જ નહિ, પરંતુ ભૂત અને ભવિષ્યકાળ સમજે છે અને પોતાની અમરતાનાં સ્વપ્નાં જુએ છે અને એ સાધવા ઝૂરે છે. આ આંતરપ્રેરણાનો માર્યો તે સમાજના ધારણને માટે સંસ્કૃતિ રચે છે, તેનો વારસો પોતાની ઉત્તર પેઢીને આપીને અને બને તેટલો એ સમૃદ્ધિમાં વધારો કરીને પોતાને કૃતકૃત્ય માને છે. આમ સંસ્કૃતિ એ સમાજનું ધારકબળ છે.

કોઈ પણ સંસ્કૃતિ તે તે પ્રદેશોનાં જાતિ, દેશકાળ, ભૂગોળ, ઇતિહાસ પરત્વે જુદી જુદી ઘડાય છે. તેથી શરીર અને તેના વર્ણને આધારે માનવજાતિઓ જુદી જુદી જોઈએ છીએ, તેમ એમની સંસ્કૃતિ વિશે પણ ભિન્ન વર્ગો પાડી બતાવાય છે. દરેક સંસ્કૃતિને પોતપોતાનાં મૌલિક તથ્યો કે મૂલ્યો હોય છે અને તેના સભ્યોની તેના તરફની વફાદારીથી તેનું જતન અને સંવર્ધન થાય છે. ભારતીય પ્રાચીન પરિભાષામાં તેને ધર્મબળ કહ્યું છે. મહાભારતકારે **लोकयात्रार्थमेवेह धर्मप्रवचनं कृतम्** કહ્યું છે તે આ અર્થમાં સમજાય છે.

સંસ્કૃતિના વિષયોને સાધારણ રીતે ભૌતિક અને બૌદ્ધિક એમ બે શ્રેણીઓમાં વહેંચવામાં આવે છે. પ્રત્યેક સંસ્કૃતિનો પ્રારંભિક વિકાસ એનું ભૌતિક પાસું દર્શાવતો હોય છે. ભારતીય સંસ્કૃતિ પરત્વે જોઈએ તો તેનો પ્રારંભ ક્યારે થયો હશે તે ચોક્કસપણે નક્કી કહી શકાતું નથી. પુરાતત્વવિદો અને ભારતીય વિદ્યાવિદોની ધીરજપૂર્વકની શોધખોળથી જણાયું છે કે ભારતીય સંસ્કૃતિનું નિર્માણ પ્રાચીન પાષાણયુગથી આરંભાયું હતું. શિવાલિકની પહાડીઓમાં સોઅન નદીની ખીણ(હિમાચલ પ્રદેશ)માંથી પૂર્વપાષાણયુગના અર્થાત્ ચાર લાખથી બે લાખ વર્ષ પૂર્વેના મનુષ્યવસવાટનાં ચિહ્નો રૂપે પથ્થરનાં ઓજારો મળી આવ્યાં છે. દક્ષિણ ભારતમાંથી પણ આવાં ઓજારો પ્રાપ્ત થયાં છે. ત્યારે મનુષ્ય અરણ્યવાસી હતો અને પોતાની આવશ્યકતાઓની પૂર્તિ માટે તેણે અનેક પ્રકારનાં ઓજારોની શોધ કરી હતી. એ માટે તેણે પહેલાં પથ્થરો અને હાડકાં અને પછી જંગલોમાં તાંબા અને લોઢાની ખાણોમાંથી મળેલ કાચા માલનો પ્રયોગ કરવા માંડ્યો હતો. જંગલોની અપાર સંપત્તિનો તેણે ભરપૂર ઉપયોગ કર્યો. વાંસની શોધ આદિમ મનુષ્ય માટે પ્રગતિદાયક સિદ્ધ થઈ. વાંસનાં ખપાટિયાંને કે પથ્થરોને પરસ્પર ઘસીને અગ્નિ પેદા કરવાથી માંસ પકવવાની સુવિધા થઈ. અગ્નિની શોધે તેની ભૌતિક અને આગળ જતાં આધ્યાત્મિક ઉન્નતિનાં દ્વાર ખોલી નાંખ્યાં.

પશુઓના ચામડામાંથી બનાવેલી ધમણનો ઉપયોગ કરીને ભઠ્ઠીમાં ધાતુ ગાળી તેમાંથી નવાં નવાં ઓજારો અને આભૂષણો ઘડવામાં આવ્યાં. અગ્નિ વડે જંગલો બાળીને તેમને કૃષિયોગ્ય કરવામાં આવ્યાં. નવાં ખેતરો બનાવતી વખતે જંગલની દેવીમાતા કે કૃષિમાતાની સ્થાપના કરી તેના સન્માનમાં નૃત્ય-ગાનનું આયોજન થવા લાગ્યું. ખેતીની શોધ સાથે ભટકતા જીવનનું સ્થાન સ્થિર ગ્રામજીવને લીધું. હવે સમુદાયમાં રહેવાની આદત પડતાં સામાજિક પરંપરાઓ અને પદ્ધતિઓનો ઉદય થયો. ઉત્તરપાષાણયુગ (ઇ. પૂ. પાંચમીથી ચોથી સહસ્રાબ્દી) સુધીમાં તો સમગ્ર ભારતમાં મનુષ્યના વસવાટનો પ્રારંભ થઇ જતો જોવામાં આવે છે. તેમની સંસ્કૃતિના અવશેષો દેશના બધા ભાગોમાંથી પ્રાપ્ત થયા છે

ભારતીય સંસ્કૃતિનો સળંગ ઇતિહાસ ઋગ્વેદથી પ્રાપ્ત થાય છે. તેના વેદકાલીન સ્વરૂપનું નિર્માણ ઋષિઓને હાથે થયું હતું. એમાં ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદના ધર્મરૂપ વેદમંત્રોનો સાક્ષાત્કાર કરનારા 'કવિ' કહેવાતા. આ સાક્ષાત્કૃત ધર્મમાં ઋષિઓ પાસેથી ઉપદેશ દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરનારા ઋષિઓ 'શ્રુતર્ષિ' કહેવાતા. બ્રાહ્મણગ્રંથો અને આરણ્યકોનું વાડમય તેમનું પ્રદાન છે. તેમના પછી ત્રીજી શ્રેણીના ઋષિ થયા. તેમણે વેદોનો યથાર્થ બોધ કરાવવા અને બ્રાહ્મણો તથા આરણ્યકોના જ્ઞાનનો વિસ્તાર કરવા માટે 'વેદાંગ' નામે સ્વતંત્ર વિદ્યાઓનું પ્રવર્તન કર્યું. વૈદિક ઋષિઓની આ ત્રણેય પરંપરાઓનું પ્રદાન ભારતીય સંસ્કૃતિ અને જગતસંસ્કૃતિ માટે અદ્વિતીય છે. અગાઉ જણાવ્યું તેમ, વેદો જગતનું પ્રાચીનતમ સાહિત્ય છે. તેમાં કર્મ અને જ્ઞાનનું આધાન પ્રથમ મંત્રદ્રષ્ટા ઋષિઓ દ્વારા થયું છે.ઋગ્વેદમાં પ્રતિબિંબિત સામાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક પરંપરાઓમાં ઉત્તરકાલીન પરંપરાઓનાં મૂળ પ્રાપ્ત થાય છે. ધાર્મિક ચિંતન પરત્વે સત્ તત્વ તો એક જ છે એવો ખ્યાલ આ યુગમાં પ્રવર્ત્યો. એ વખતે પાંગરેલી કર્મની વિભાવના, ઉત્તરકાલમાં ઘણે અંશે યથાવત્ જળવાઇ છે. વિષ્ણુ, રુદ્ર, સૂર્ય (મિત્ર) વગેરે આ યુગના દેવતાઓની ઉપાસના આજે પણ થાય છે. ઋગ્વેદકાલના યજ્ઞો કાલાંતરે પૂજા અને અનુષ્ઠાનમાં પરિવર્તિત થયા અને એ સ્વરૂપે આજે પણ પ્રયોજાય છે. ઋગ્વેદની વૈદિક સંસ્કૃત ભાષા પછીના સમયમાં લૌકિક સંસ્કૃત રૂપે રૂપાંતર પામી. આ કાલમાં સભ્યતાનું કેંદ્ર પંજાબ હતું અને ત્યાંથી તેનો પૂર્વ તરફ પ્રસાર થતો જોવામાં આવે છે.

સમન્વય અને એકાત્મતા પણ ભારતીય સંસ્કૃતિનું મહત્વનું લક્ષણ છે. બાહ્ય તત્વોનો સમન્વય અને તેમાંનાં ઘણાં તત્વોને આત્મસાત્ કરવાના ગુણે તેને બધી પરિસ્થિતિઓમાં ટકી રહેવાનું બળ આપ્યું છે. આ સ્થિતિ

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

પ્રાગ્-વૈદિક કાલ અને વૈદિક કાલથી પ્રવર્તતી જોવામાં આવે છે. આર્યોએ આર્યેતર પ્રજાઓનાં દેવીદેવતાઓને પોતાના દેવમંડળમાં એવી રીતે સમાવી દીધાં કે કાલાંતરે તેમના વચ્ચે કોઇ અંતર રહ્યું નહિ. પ્રાચીન કાલમાં યવન, શક, કુષાણ, હૂણ વગેરે વિદેશી આક્રમક જાતિઓએ ભારતમાં આવીને કેટલાક ભાગોમાં રાજકીય વિજય પ્રાપ્ત કર્યો; પરંતુ સમય જતાં અહીંના પ્રભાવથી તે જાતિઓ એવી તો રંગાઇ ગઇ કે તે પોતાનું અલગ અસ્તિત્વ રાખી શકી નહિ. મહાભારત પરથી જણાય છે કે ભારતીય આચાર્યોએ પોતાના સામાજિક નિયમોને ઢીલા કરીને એ જાતિઓને પોતાના સમાજમાં ગૌરવપૂર્ણ સ્થાન આપ્યું. યવન રાજા મિનેન્દ્રે બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યો. કુષાણોએ બૌદ્ધ તેમજ ભાગવત ધર્મ અને શકોએ શૈવ ધર્મ અપનાવ્યો. હૂણ રાજા મિહિરકુલે પણ શૈવ ધર્મ અંગીકાર કર્યો. આમ હૂણો (ઈ. સ.ની પાંચમી સદી) સુધી ભારતમાં આવનારી બધી પ્રજાઓને ભારતીય સંસ્કૃતિ પોતાના ઉદરમાં સમાવીને એકરસ કરવામાં સફળ થઇ. જોકે મધ્યકાલમાં ઇસ્લામી સંસ્કૃતિ ધરાવતી અરબ, અફઘાન, તુર્ક વગેરે જાતિઓને તે આત્મસાત્ કરી શકી નહિ. અલબત્ત, લાંબા સમયના સહવાસ અને સતત સંપર્કને લઇને બંને સંસ્કૃતિઓનો પરસ્પર પ્રબળ પ્રભાવ પડ્યો. અગાઉ જોયું તેમ, એ વખતે ભારતીય સંસ્કૃતિના એકાત્મતાના ગુણનો હ્રાસ થયો હતો. પરંતુ તેના સમન્વયના ગુણને પરિણામે પરસ્પર આદાન-પ્રદાનનું ક્ષેત્ર વ્યાપક રહ્યું. ભારતીય સંસ્કૃતિએ વિદેશી તત્વોને ગ્રહણ કરવામાં પ્રાચીન કાલ કે મધ્યકાલમાં ક્યારેય સંકુચિત ર્દષ્ટિકોણ અપનાવ્યો નહોતો, તેમ તેમના ઋણને સ્વીકારવામાં પણ સંકોચ દાખવ્યો નહોતો. આનું સરસ ર્દષ્ટાંત પ્રસિદ્ધ ખગોળશાસ્ત્રી વરાહમિહિરના ઉલ્લેખમાં મળે છે. તેઓ જણાવે છે કે અહીં (ભારતમાં) યવનોને મ્લેચ્છ માનવામાં આવ્યા હોવા છતાં જ્યોતિષશાસ્ત્રના તેઓ ઉચ્ચ જ્ઞાતા હોઇને તેમને ઋષિ જેવા આદરપાત્ર ગણવામાં આવતા. ગ્રીસ અને રોમમાં પ્રચલિત જ્યોતિષ અંગેના સિદ્ધાંતોને ગ્રહણ કરવા ઉપરાંત તેમને 'રોમક સિદ્ધાંત' એવું નામ પણ અપાયું છે, જે સૂચક છે.

ભારતીય સંસ્કૃતિએ અનેક પ્રકારની ભાષાઓ તેમજ એકબીજાથી વિરોધાભાસી જણાતાં રીતરિવાજો અને પરંપરાઓનો સમન્વય સ્થાપીને આ દેશના વિશાળ જનમાનસમાં અદ્વૈત કે અભેદનો ઉચ્ચ આદર્શ સ્થાપિત કર્યો છે.વિવિધતામાં એકતા એ ભારતીય સંસ્કૃતિની તરી આવતી વિશેષતા છે. અહીં ભૂમિ અને આબોહવાનું ભારે વૈવિધ્ય પ્રવર્તે છે. વળી વિવિધ જાતિઓ અને વિવિધ મુખાકૃતિઓ ધરાવતા લોકો, તેમના દ્વારા પળાતા વિવિધ ધર્મ-સંપ્રદાયો, બોલાતી વિવિધ ભાષાઓ તેમજ બોલીઓ – એમ વૈવિધ્ય ઘણું છે. આ વૈવિધ્ય હોવા

છતાં ભારતમાં ભૌગોલિક, સામાજિક, ધાર્મિક, રાજનૈતિક અને સાંસ્કૃતિક એકતા અનુભવાય છે. આ લક્ષણ છેક પ્રાચીન કાળથી માંડીને વર્તમાન સુધી પ્રવર્તતું જોવામાં આવે છે. અહીં ઉત્તરે હિમાલયની ઉત્તુંગ ગિરિમાળા અને પશ્ચિમ, દક્ષિણ તથા પૂર્વનાં સાગરજળ દ્વારા એક ચોક્કસ ભૌગોલિક એકમ રચાયું છે. પ્રાચીન કાળથી ભારતવાસીઓ સમગ્ર ભારતની આ એકતાને માનતા આવ્યા છે. આ એકતા અને અખંડિતતા મોટાભાગના ભારતીઓની ધાર્મિક આસ્થાઓમાં વ્યક્ત થાય છે. ભારતના કોઇ એક ભાગનો નિવાસી અન્ય ભાગોમાં આવેલાં પવિત્ર સ્થળો માટે શ્રદ્ધા અને આદર ધરાવે છે; દા.ત., સાત પવિત્ર નદીઓ પૈકી ગોદાવરી, નર્મદા અને કાવેરીને પવિત્ર માનનારા લોકો માટે ગંગા, યમુના, સિંધુ અને સરસ્વતી પણ એટલી જ પાવન છે. અવરજવરનાં સાધનો સીમિત હતાં ત્યારે પણ પર્યટકો, ધર્મોપદેશકો, તીર્થયાત્રીઓ અને વિદ્યાર્થીઓ આ એકતાને પુષ્ટ કરવામાં ફાળો આપતા હતા. જોકે આઝાદી પૂર્વે સમગ્ર ભારત રાજકીય રીતે એકસૂત્રમાં બંધાયેલું ન હતું. તેમ છતાં અશ્વમેધ, રાજસૂય જેવા યજ્ઞોનાં અનુષ્ઠાનો દ્વારા સાર્વભૌમ સમ્રાટ અને ચક્રવર્તીપદના મહત્વાકાંક્ષી રાજાઓ હમેશાં એ અનુભૂતિ વ્યક્ત કરતા કે ભારત એક વિસ્તૃત ભૂખંડ છે. અહીં 826 ભાષાઓ અને 1,658 બોલીઓ બોલાય છે. આવું અનન્ય વૈવિધ્ય હોવા છતાં મોટાભાગની ભાષાઓની વર્ણમાલા એકસરખી જ છે. ઉત્તરની તેમજ દક્ષિણની લિપિઓ ભિન્ન હોવા છતાં તે બધી બ્રાહ્મી લિપિમાંથી જ ઊતરી આવી છે. બધી ભાષાઓ પર સંસ્કૃત ભાષાનો વ્યાપક પ્રભાવ પડ્યો છે. ભારતમાં આવેલી વિવિધ જાતિઓમાં થયેલા પરસ્પરના સંમિશ્રણને કારણે તેમજ વિશિષ્ટ ભૌગોલિક પરિસ્થિતિમાં એક જ પ્રકારના ખાનપાનને કારણે એકતા ઊભી થઈ છે. ધર્મશાસ્ત્રો દ્વારા પ્રતિપાદિત સામાજિક વ્યવસ્થા પણ આખા દેશમાં સમાન હોઈ જાતિ, વર્ણ અને ભોજન વગેરેના નિયમો પણ મૂળભૂત રીતે એક છે. લગ્નાદિ રીતરિવાજો અને કેટલાક સંસ્કારો વગેરે પણ પ્રાચીન ગ્રંથોમાં વર્ણિત વ્યવસ્થાને અનુરૂપ હોઈ સાંસ્કૃતિક એકતા દૃઢ થઈ છે. ભારતીય સંસ્કૃતિમાં આ આંતરિક એકતા એટલી તો ઊંડી અને વ્યાપક છે કે બાહ્ય રૂપે દેખાતી વિવિધતા તેની આગળ શિથિલ થઈ જાય છે.

ધર્મસહિષ્ણુતા અને વિચારોની અભિવ્યક્તિની સ્વતંત્રતા એ પણ ભારતીય સંસ્કૃતિનું વિશિષ્ટ લક્ષણ છે. આ ગુણનું મહત્વ એટલા માટે વધી જાય છે કે સભ્યતાનો દંભ કરનારા અનેક દેશોએ આધુનિક કાલમાં પણ ધર્મ, સમાજ તેમજ વર્ગ પ્રત્યે અસહિષ્ણુ થઈને બર્બર જેવો વ્યવહાર કર્યો છે. ઇતિહાસનાં પૃષ્ઠો આવી અનેક

ઘટનાઓથી ભરેલાં છે. થોડા મતમતાંતરોને કારણે નિર્દોષ લોકોની હત્યા કરીને અનેક દેશો અને ધર્મોએ અપયશ વહોર્યો છે. આવી ધર્માંધતાનો અને આવા સંકુચિત દૃષ્ટિકોણનો અભાવ એ ભારતીય સંસ્કૃતિની ગૌરવપ્રદ વિશેષતા છે. ભારત અનેક દેવ-દેવીઓની ઉપાસના કરનારો દેશ રહ્યો છે. અહીં ધાર્મિક પૂજા-ઉપાસનાનાં અનેક રૂપો એકસાથે પ્રચલિત રહ્યાં છે. ખુદ હિંદુ ધર્મમાં અનેક દાર્શનિક સિદ્ધાંતો, અનેક ઉપાસ્ય દેવો અને મોક્ષ કે નિર્વાણની પ્રાપ્તિ માટેના જ્ઞાન, યોગ, ભક્તિ, કર્મ જેવા વિવિધ માર્ગો પ્રચલિત રહ્યા છે. સાધારણ રીતે હિંદુ આ વિવિધ સિદ્ધાંતો અને માર્ગો પ્રત્યે સહિષ્ણુ હોય છે. વસ્તુતઃ આ વિશેષતાના મૂળમાં આધ્યાત્મિકતા રહેલી છે. ભારતવાસીઓ હંમેશાં આ સિદ્ધાંતને માનતા આવ્યા છે કે ઇશ્વર અવ્યક્ત, અચિંત્ય અને માનવબુદ્ધિથી પર છે અને જુદા જુદા ધર્મો તેમજ ઉપાસના-પદ્ધતિઓ તેના સુધી પહોંચવાના માર્ગ છે. ભગવદગીતામાં આથી શ્રીકૃષ્ણે કહ્યું છે, 'मम वर्त्मानुवर्तन्ते मनुष्याः पार्थ, सर्वशः ।', અર્થાત્ 'હે પાર્થ, બધા મનુષ્યો મારા માર્ગનું જ અનુસરણ કરે છે.' આ માર્ગો જોવામાં અલગ અલગ લાગે છે, પણ તેમનું લક્ષ્ય તો એક જ છે. ધાર્મિક સહિષ્ણુતાની આ વાત છેક વેદકાળથી ચાલી આવે છે. ઋગ્વેદમાં કહ્યું છે, 'एकं सद् विप्राः बहुधा वदन्ति ।' (સત્ તો એક જ છે, પણ જ્ઞાની પુરુષો તેનું અનેક પ્રકારે વર્ણન કરે છે). ઉપનિષદોમાં પણ આ મત પ્રગટ થાય છે. એક રીતે જોઇએ તો ગીતાનો મુખ્ય વિષય ધાર્મિક સહિષ્ણુતા છે. જૈન ધર્મમાં આ ભાવનાને અનેકાંતવાદ અને સ્યાદવાદ દ્વારા દાર્શનિક રીતે પ્રતિપાદિત કરવામાં આવી છે. જૈન દર્શન અનુસાર કોઇ પણ વિષય પર સાત પ્રકારે કથન થઇ શકે છે અને પોતાના વિષય-દૃષ્ટિકોણથી બધાં કથનોમાં કોઇ ને કોઇ સત્ય સમાયેલું હોય છે. ધાર્મિક સહિષ્ણુતાના સિદ્ધાંતને રાજાઓ પણ અનુસર્યા છે. પોતાનો વ્યક્તિગત ધર્મ ગમે તે હોય છતાં રાજાઓ બધા ધર્મોને સમાનપણે સહાય કરતા. સમ્રાટ અશોકે બૌદ્ધ ધર્મ ગ્રહણ કર્યા પછી ભારત તથા વિદેશોમાં તેનો પ્રચાર કરવા અથાક પ્રયત્ન કર્યા, પણ તેણે ક્યારેય પોતાની પ્રજા પર બૌદ્ધ ધર્મ ઠોકી બેસાડવાની કોશિશ કરી નહિ તેમજ ન તો બીજા ધર્મોના અનુયાયીઓ પર અત્યાચાર કર્યા. બધા જ ધર્મો પ્રત્યે સહિષ્ણુતાની નીતિ અપનાવતાં તેણે પોતાના દ્વાદશ શિલાલેખમાં જાહેર કર્યું, 'મનુષ્યે બીજાના ધર્મને સાંભળવો જોઇએ અને તેનો આદર કરવો જોઇએ. જે મનુષ્ય પોતાના ધર્મને પૂજે છે અને બીજાના ધર્મોની નિંદા કરે છે તે એમ કરતાં પોતાના જ ધર્મને ભારે નુકસાન પહોંચાડે છે.' ધાર્મિક સહિષ્ણુતાનો આ આદર્શ ગુપ્ત શાસકોએ પણ અપનાવ્યો હતો. તેઓ ભાગવત ધર્મને માનતા હોવા છતાં બધા ધર્મો તેમજ ધાર્મિક વિચારોની

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

અભિવ્યક્તિને પૂર્ણ સ્વતંત્રતા આપી હતી. કેવળ ભારતીય જ નહિ, વિદેશી ધર્મો સાથે પણ આવો ઉદાર વ્યવહાર કરવામાં આવ્યો હતો. પોતાના દેશમાં પજવણી પામેલા પારસીઓ ભારત આવ્યા અને અહીંના સન્માનિત નાગરિક થયા. અરબો અને ખ્રિસ્તીઓ પ્રત્યે પણ આવી ઉદારતા રખાઈ. ભારતમાં વિભિન્ન ધર્મસંપ્રદાયો અને મતમતાંતરો ધરાવતા લોકો પરસ્પર મૈત્રી અને સહિષ્ણુતાપૂર્વક સાથે જ રહે છે. અલબત્ત, ભારતના ઇતિહાસમાં થોડા ધાર્મિક વિદ્વેષનાં ર્દષ્ટાંતો મળે છે, પરંતુ તે અપવાદરૂપ છે.

વિચારોની અભિવ્યક્તિની સ્વતંત્રતાને લઈને ભારતમાં જેટલું આધ્યાત્મિક ચિંતન થયું છે તેટલું જગતના બીજા દેશોમાં થયું નથી. અહીં તર્ક દ્વારા સિદ્ધાંતોનું ખંડન-મંડન થતું. ધાર્મિક સ્વતંત્રતાને પરિણામે બૌદ્ધ, જૈન, ભાગવત, શૈવ વગેરે અનેક મતમતાંતરોની સૃષ્ટિ ઊભી થઈ. હિંદુ ધર્મમાં કેટલાક એવા સંપ્રદાયો છે, જેમના સિદ્ધાંતો એકબીજાથી સર્વથા ભિન્ન પ્રતીત થાય છે. વિચારોની અભિવ્યક્તિની સ્વતંત્રતા ઉપરાંત સૃષ્ટિનિયંતા, સર્વશક્તિમાન ઈશ્વર, કર્મ, પુનર્જન્મના સિદ્ધાંતો વગેરે મૂળભૂત સિદ્ધાંતો લગભગ બધા ભારતીય ધર્મોમાં સ્વીકારાયા છે. બધા ધર્મોમાં સત્ય, અહિંસા, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ જેવા સિદ્ધાંતોને ઘણું મહત્વ અપાયું છે. એ રીતે ધાર્મિક સહિષ્ણુતાને કારણે ભારતમાં ધાર્મિક કટ્ટરતાનો અભાવ વરતાય છે.

પ્રાચીન કાલમાં ભારતનો વિદેશો સાથે ગાઢ સંપર્ક હતો. ભારતીયોએ ચારે દિશામાં આવેલા અનેક દેશો સાથે વ્યાપારી, સાંસ્કૃતિક, ધાર્મિક અને રાજનૈતિક સંબંધો સ્થાપ્યા હતા. ભારતવાસીઓએ જલમાર્ગે અને જમીનમાર્ગે સુદૂરના દેશોમાં જઈ વેપારનો વિસ્તાર કર્યો હતો, ત્યાં વસાહતો સ્થાપી હતી અને ભારતના સાંસ્કૃતિક અને ધાર્મિક આદર્શોનો પ્રસાર કર્યો હતો. આ દેશોમાંથી મળી આવતાં મંદિરો, સ્તૂપો, શિલાલેખો અને ગ્રંથોથી આ વિધાનને પુષ્ટિ મળે છે. ભારતના કેટલાય રાજવીઓએ પણ આ સાંસ્કૃતિક પ્રસરણમાં યોગદાન આપ્યું. ચોળ, કલિંગ, બંગાળ ઇત્યાદિ પ્રદેશોના શાસકોને અગ્નિ એશિયાના સમુદ્રકિનારા પરનાં રાજ્યો સાથે સંબંધ હતો. એ સંબંધ-સંપર્કના પરિણામે એ રાજ્યોમાં ભારતીય ભાષા, ધર્મ, સાહિત્ય, કલા વગેરે વિશે એમની ઉત્સુકતા અને જાણકારી વધી અને આમ ભારતીય સંસ્કૃતિનો ત્યાં પ્રસાર થયો.